રેગ્યુલર દરખાસ્ત નંબર:– ૧૨/૨૦૨૫

આંક:–૧ નીચે હુકમ:–

(૧) દરખાસ્ત વંચાણે લીધી તથા હુકમનામા દેણદાર ધ્વારા રજુ કરવામાં આવેલ આંક:– ૧૧ થી રજુ કરવામાં આવેલ વાંધાઓ ધ્યાને લીધા. આ કામે હાલની દરખાસ્ત દરખાસ્તદાર ધ્વારા તેઓ ધ્વારા દાખલ કરેલ એમ. એ. સી. પી. નંબર:– ૮૦/૨૦૧૭ ના કામે કરવામાં આવેલ હુકમનામાની અમલવાર સારૂ દાખલ કરવામાં આવેલ છે. જે હુકમ મુજબ આ કામ હુકમનામા દેણદાર નંબર:– ૧ તથા ૨ નાઓને સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવી અને દરખાસ્તદારને રૂા. ૩,૨૧,૨૦૦/– નું વળતર ૮% ના વ્યાજ સાથે તથા અન્ય ખર્ચ ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે હુકમનામાના મુજબ રકમની ચુકવણી કરવામાં આવેલ ન હોય, હુકમનામા દેણદાર નંબર: – ૨ મારીવાડ ધુળાભાઈ અળખાભાઈનાઓની સામે હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલની દરખાસ્ત દાખલ કરી, હુકમનામા દેણદાર નંબર:– ૨ નાઓને નોટીસ કરવામાં આવતા, તેઓ હાજર રહેલ અને તેમના વકીલશ્રી મારફતે આંક:– ૧૧ થી હાલની દરખાસ્ત વાંધા રજુ કરેલ છે.

(૩) આ કામે હુકમનામા દેણદાર નંબર: – ૨ ધ્વારા જે વાંધા લેવામાં આવેલ છે તે ધ્યાને લ ેવામાં આવે તો આ કામના દરખાસ્તદાર ધ્વારા આ હુકમનામાની અમલવાર સારૂ બનાસકાંઠાના મે. એમ. એ. સી. ટ્રીબ્યુનલ સમક્ષ દરખાસ્ત નંબર:– ૦૪/૨૦૨૩ થી દાખલ કરેલ હતી. જે દરખાસ્ત સમગ્ર રકમ રૂા. ૪,૯૮,૭૨૧/–ની દાખલ કરવામાં આવેલ અને તે સામાવાળા નં. ૧ અને ૨ સાથે જ હતા. તે વખતે અરજદાર અને સામાવાળા ડ્રાઈવર અને માલીક સાથે સમાધાન થતાં અરજદાર ધ્વારા સમાધાનનું લખાણ કરવામાં આવેલ અને તે મુજબ ફુલ એન્ડ ફાઈનલ વળતરની રકમ રૂા. ૧,૫૦,૦૦૦/– સમાધાન પેટે આપવાના હતાફ. જે ચુકવી આપી તે બાબતે નોટરાઈઝ લખાણ કરેલ. જે લખાણમાં હાલના દરખાસ્તદાર ધ્વારા '' એમ. એ. સી. પી. નંબર:– ૮૦/૨૦૧૭ ના કામે હવે પછી અમો લખી આપનાર સદરહુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન માલીક કે ડ્રાઈવર વિરૂધ્ધમાં કોઈપણ પ્રકાર વળતરના નાણા મેળવવાના થતા નથી.''

ત્યારબાદ વિસનગરના મે. એમ. એ. સી. ટ્રીબ્યુનલ સમક્ષ તા. ૩૦/૧૨/૨૦૨૩ ના રોજ સદર દરખાસ્ત પરત ખેચી લીધેલ. ત્યારે હાલની દરખાસ્ત રદ કરવા મુજબના વાંધાઓ રજુ કરેલ છે.

(૪) જયારે ખુદ દરખાસ્તદાર હાજર રહી આંક:-૧૨ થી સોગંદનામું રજુ કરેલ છે. જેની વિગતો ધ્યાને લેવામાં આવે તો તેમાં તેઓએ એવી સ્પષ્ટતા કરેલ છે કે, અગાઉની દરખાસ્ત માત્ર હુકમનામા દેણદાર નંબર:- ૧ સામે દાખલ કરેલ. હુકમનામા દેણદાર નંબર:- ૨ તેમાં કોઈ રીતે પક્ષકાર હતા નહી કે તેઓની સાથે કોઈ સમાધાન કરેલ નથી કે સમાધાન પેટે કોઈ રકમ આપેલ નથી.

(૫) આ કામે દરખાસ્તદાર તરફે વિ. વ. શ્રી કે. એમ. મારીવાડનાઓને સાંભળ્યા. તેઓ એવી રજુઆત કરેલ છે કે, હાલની દરખાસ્ત બનાસકાંઠાના મે. એમ. એ. સી. ટ્રીબ્યુનલ ( ઓકઝી) સમક્ષ ચાલી ગયેલ એમ. એ. સી. પી. નંબર:- ૮૦/૨૦૧૭ ના કામે થયેલ તા. ૧ ૫/૦૪/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ હુકમનામા મુજબ દાખલ કરવામાં આવેલ છે. જે હુકમ ધ્યાને લેવામાં આવે તો આ કામના હુકમનામા ધારકને રૂા. ૩,૨૧,૨૦૦/- અકસ્માત વળતર ૮% ના વ્યાજ સાથે ચુકવવાનો તથા ખર્ચનો હુકમ કરવામાં આવેલ છે. જે હુકમનું પાલન હુકમનામા દેણદાર નંબર- ૨ ધ્વારા કરવામાં આવેલ ન હોય, હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે. આ અગાઉ દરખાસ્ત હુકમનામા દેણદાર નંબર:- ૧ સામે કરવામાં આવેલ હતી. જેમાં તેમની સાથે થયેલ સમાધાન મુજબ રૂા. ૧,૫૦,૦૦૦/- મળી જતાં તેઓની સામે જે રકમ હતી તે મળી જતા તે દરખાસ્ત પરત ખેચી લેવામાં આવેલ છે. જયારે હાલના હુકમનામા દેણદાર ધ્વારા પોતે જવાબદાર હોવા છતાં કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી કે હાલના હુકમનામા ધારક ધ્વારા તેમની સાથે કોઈ સમાધાન કરવામાં આવેલ નથી. ત્યારે આ કામે આંક:-૧૧ થી રજુ કરવામાં આવેલ વાંધા કાયદાકીય રીતે ટકવાપાત્ર ન હોય તે રદ કરવા રજુઆત કરવામાં આવેલ છે અને હાલની દરખાસ્ત અનુસંધાને બાકી રકમ વસુલવા જરૂરી પ્રોસેસ કાઢવા રજુઆત કરવામાં આવેલ છે.

(૬) જયારે હુકમનામા દેણદાર નંબર:- ૨ તરફે વિ. વ. શ્રી એ. પી. પટેલ તરફે આંક:-૧૧ ના વાંધાઓની હકીકતોનું પુન:ઉચ્ચારણ કરી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ

કામે હુકમનામું ધ્યાને લેવામાં આવે તો હુકમનામા દેણદાર નંબર: -૧ તથા રનાઓ બં નેની સામે સંયુકત તથા વિભકત રીતે રૂા. ૩,૨૧,૨૦૦/- વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે અનુસંધાને દરખાસ્તદાર ધ્વારા જે કાર્યવાહી કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો હુકમનામા દેણદાર નંબર:- ૧ સામે મે. વિસનગરના એમ. એ. સી. ટ્રીબ્યુનલ સમક્ષ દરખાસ્ત નં બર:- ૦૪/૨૦૨૩ થી દાખલ કરેલ હતી. જે દરખાસ્ત ધ્યાને લેવામાં આવે તો તેમાં હાલના દરખાસ્તદાર ધ્વારા સમગ્ર રકમ રૂા. ૩,૨૧,૨૦૦/- તથા વ્યાજ તથા ખર્ચની તમામ રકમ મળી રૂા. ૪,૯૮,૭૨૧/- ની માંગણી કરી દેવામાં આવેલ હતી. જે કાર્યવાહી દરમ્યાન દરખાસ્તદાર ધ્વારા સમાધાન કરી રૂા. ૧,૫૦,૦૦૦/- માં સમાધાન કરી દીધેલ હતું અને ત્યારબાદ આ દરખાસ્ત પરત ખેચી લેવામાં આવેલ હતી. ત્યારે દરખાસ્તદાર ધ્વારા જે રકમની માંગણી કરવામાં આવેલ હતી તે સમગ્ર રકમની માંગણી કરેલ અને તેમાં સમાધાન કરી દીધેલ હોય. ત્યારે હવે કોઈ રકમ બાકી રહેતી નથી. ત્યારે આ સમાધાન બાબતે લખાણ કરવામાં આવેલ અને તેમાં દરખાસ્તદાર ધ્વારા '' હવે પછી અમો લખી આપનાર સદર અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલીક કે ડ્રાઈવર વિરૂધ્ધમાં કોઈપણ પ્રકારના વળતરના નાણા મેળવાના થતા નથી. '' તે મુજબ સંમત થઈ દરખાસ્ત પરત ખેચતું લખાણ કરવામાં આવેલ છે. આ કામના હુકમનામાધારક કે જેઓ પોતે વકીલ છે અને વકીલાતનો વ્યવસાય કરે છે અને કાયદાકીય જોગવાઈ અને શબ્દ રચનાઓથી સારી રીતે માહીતગાર છે, ત્યારે આ સમાધાનનું લખાણ તેમની સંમતિથી કરવામાં આવેલ. જે અનુસંધાને હુકમ તા. ૩૦/૧૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. ત્યારબાદ ૧ વર્ષ ૧ માસ બાદ હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે. ત્યારે હાલની દરખાસ્ત ધ્યાને લેવામાં આવે તો એક વર્ષ અગાઉ રૂા. ૧,૫૦,૦૦૦/- વસુલી લીધેલ હોવા છતાં હાલની દરખાસ્તના કામે બાકી રહેતી રકમ માટે નહી, પરંતુ સંપુર્ણ રકમની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે. જે મુજબ હુકમનામું નથી. જે રકમ, વ્યાજની ગણતરી ખર્ચની તમામ રકમો તદ્દન ખોટી રીતે ઉભી કરી હાલની દરખાસ્તની કાર્યવાહી કરેલ છે. ત્યારે હાલના કામે હુકમનામું સમાધાનથી સંતોષાઈ ગયેલ હોય, હાલની દરખાસ્ત રદ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૭) હાલની દરખાસ્ત, હુકમનામું તથા પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ જવાબ તથા સોગં દનામાઓ ધ્યાને લીધા. આ કામે હાલના દરખાસ્તદાર ધ્વારા એમ. એ. સી.ટી. નંબર: -

૮૦/૨૦૧૭ ના કામે કરવામાં આવેલ હુકમનામા મુજબ રૂા. ૩,૨૧,૨૦૦/− તથા વ્યાજ તથા ખર્ચની રકમ મળી કુલ રૂા. ૫,૦૭,૩૪૦/− હુકમનામા દેણદાર નંબર: −૨ મારીવાડ ધુળાભાઈ અળખાભાઈનાઓની સામે વસુલ મેળવવા સારૂ દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે તકરારી હુકમનામા સબંધે કરવામાં આવેલ કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો આ કામના દરખાસ્તદાર ધ્વારા વિસનગરની સમક્ષ અદાલત સમક્ષ એમ. એ. સી. પી. દરખાસ્ત નંબર:− ૪/૨૦૨૩ થી દાખલ કરેલ હતી. ત્યારે સદર દરખાસ્તની વિગતો ધ્યાને લેવામાં આવે તો તેમાં આ કામના દરખાસ્તદાર ધ્વારા હુકમનામા દેણદાર નંબર: −૧ રાજુભાઈ માણકાભાઈ રબારીનાઓની સામે દાખલ કરી, તેમાં સમાધાન કરી દરખાસ્ત પરત ખેચી લીધેલ. ત્યારે આ સમાધાન કઈ શરતો આધીન થયેલ તે સમાધાન લખાણ વંચાણે લેવામાં આવે તો તેમાં દરખાસ્તદાર ધ્વારા રૂા.૪,૯૮,૬૨૧/− મુજબની સમગ્ર રકમ પેટે રૂા. ૧,૫૦,૦૦૦/− રોકડમાં સ્વીકારી લઈ, દરખાસ્ત પરત ખેચી લીધેલ. જેમાં દરખાસ્તદાર એ બાબતે પણ સંમત થયેલ છે કે, એમ.એ. સી. પી. નંબર:− ૮૦/૨૦૧૭ ના કામે થયેલ હુકમનામામાં ''*અકસ્માતમાં સંડોવાયેલ વાહન માલીક કે ડ્રાઈવર વિરૂધ્ધમાં કોઈપણ પ્રકારના વળતરના નાણા મેળવવાના થતા નથી.* '' અલબત આ કામે દરખાસ્તદાર ધ્વારા હાજર રહી આંક:− ૧૨ થી સોગંદનામા પર જાહેર કરેલ છે કે, આ સમાધાન હાલના હુકમનામા દેણદાર નંબર:− ૨ સાથે થયેલ નથી અને તેઓ ધ્વારા કોઈ રકમ આપેલ નથી. ત્યારે હુકમનામામાં ના. ટ્રીબ્યુનલ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે લક્ષ્યમાં લેવો આવશ્યક બની રહે છે. તે મુજબ ના. ટ્રીબ્યુનલ ધ્વારા આ કામના હુકમનામા દેણદાર નંબર: ૧ તથા ૨ નાઓને સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવી અને કુલ રૂા. ૩,૨૧,૨૦૦/−નું વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારે એ બાબત સ્પષ્ટ છે કે આ કામના હુકમાનામા ધારકને કુલ રૂા. ૩,૨૧,૨૦૦/− તથા વ્યાજ અને ખર્ચ જ મેળવવા હકકદાર બને છે. ત્યારે આ રકમ તેઓએ હુકમનામા દેણદાર ઈચ્છે તો નંબર: −૧ અથવા ૨ અથવા બંને પાસેથી સંપુર્ણ રકમ વસુલ મેળવી શકે છે. ત્યારે દરખાસ્તદાર ધ્વારા શું પસંદ કરેલ છે તે હકીકત લક્ષ્યમાં રાખતા, દરખાસ્તદાર ધ્વારા એમ. એ. સી. પી દરખાસ્ત નંબર: −૦૪/૨૦૨૩ ના કામે હુકમનામા મુજબની તમામ મળવાપાત્ર રકમ કુલ મળી રૂા.૪,૯૮,૭૨૧/− વસુલ મેળવવા સારૂ દાખલ કરવામાં આવેલ અને તેમાં સમાધાન કરી, રૂા. ૧ ,૫૦,૦૦૦/−માં સદર દરખાસ્ત પરત ખેચવામાં આવેલ છે. જે સમાધાન ધ્યાને લેવામાં આવે તો તેમાં આ કામના હુકમનામા ધારક ધ્વારા સ્પષ્ટ એ હકીકતે સંમત થયેલ છે કે, હવે આ

''અકસ્માતમાં  સંડોવાયેલ વાહનના માલીક કે ડ્રાઈવર સામે કોઈપણ પ્રકારના વળતરના નાણા મેળવવાના થતા નથી''  આમ, જયારે હુકમનામું ધારક ધ્વારા હુકમનામાની સંપૂર્ણ રકમ બાબતે માંગણા દરખાસ્ત રજુ કરી દેવામાં આવેલ હોય, જે રકમ બાબતે હુકમાનામા દેણદારને નોટીસ કરવામાં આવેલ હોય, જે દરખાસ્તની સંપુર્ણ રકમ રૂા. ૪,૯૮,૭૨૧/– બાબતે સમાધાન કરી,જે કોઈ રકમ હુકમનામાધારક ધ્વારા સ્વીકારી લેવામાં આવે હોય, ત્યારે આ હુકમનામાની સમગ્ર રકમ સંતોષાઈ ગયેલ છે તેમ માની શકાય તેમ છે. ના. ટ્રીબ્યુનલ ધ્વારા હુકમનામા દેણદાર નંબરઃ ૧ તથા ૨ નાઓની સામે કોઈ અલગ અલગ રકમ માટે જવાબદાર ઠરાવવામાં આવેલ નથી. પરંતુ સંયુકત રીતે  હુકમનામા ધારકને હુકમનામાની રકમ મુજબ ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવેલ છે, ત્યારે આ રકમ હુકમનામા દેણદાર નંબરઃ–૧ ધ્વારા ચુકવી આપવામાં આવેલ હોય કે હુકમનામા દેણદાર નંબરઃ– ૨ ધ્વારા ચુકવી આપવામાં આવેલ હોય તેમ છતાં મુળ હુકમનામુ સમાધાનથી સંતોષાઈ જાય છે. ત્યારે હવે દરખાસ્તદારને કયા પક્ષકાર સાથે સમાધાન થયુ તે ગૌણ બાબત બની જાય છે. ત્યારે દરખાસ્તદાર ધ્વારા જે સોગંદનામું રજુ કરી હાલના હુકમનામા દેણદાર પાસેથી કોઈ રકમ મળેલ નથી તે તકરાર મહત્વની રહેતી નથી. પરંતુ જયારે કાયદાકીય સ્થીતી મુજબ મુળ હુકમનામા મુજબની રકમ સમાધાનથી હુકમનામા ધારક ધ્વારા સ્વીકારવામાં આવેલ હોય, ત્યારે હાલની દરખાસ્ત અન્વયે બાકી રકમ વસુલવા સારૂ કોઈ કાર્યવાહી થઈ શકે તેમ ન હોય, અને હુકમનામું  સંતોષાઈ ગયેલ હોય, દરખાસ્તદારની દરખાસ્ત રદ કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::: હુકમ :::

દરખાસ્તદારની હાલની દરખાસ્ત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

આજરોજ તા. ૧૦મી માહે એપ્રીલ  સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૪/૨૦૨૬

(સુનિલ મનહરભાઈ કામદાર)
એડી. ડીસ્ટ્રીકટ જજ,
અરવલ્લી એટ મોડાસા.
GJ00984